#178

Talent vs Consistency 😯

ઘણા લોકો માને છે કે સફળતા માટે જન્મજાત Talent હોવું જરૂરી છે. પરંતુ ઇતિહાસ એક અલગ જ સત્ય કહે છે.

પ્રતિભા આપણને શરૂઆત અપાવી શકે છે, પરંતુ Consistency આપણને શિખર સુધી પહોંચાડે છે.

દરરોજ થોડું-થોડું શીખવું, થોડું-થોડું સુધરવું અને થોડું-થોડું આગળ વધવું—આ જ અસાધારણ સફળતાનું રહસ્ય છે.

એક ટીપું પાણી નરમ હોય છે, છતાં સતત પડતું રહે તો કઠિન પથ્થરમાં પણ ખાડો પાડી દે છે. શક્તિ પાણીમાં નથી, તેની Consistency માં છે.

ઘણા લોકો ઉત્સાહથી શરૂઆત કરે છે, પરંતુ થોડા દિવસોમાં અટકી જાય છે. જ્યારે સામાન્ય વ્યક્તિ, જે દરરોજ નિયમિત પ્રયત્ન કરે છે, તે અંતે અસામાન્ય પરિણામ મેળવે છે.

મિત્રો, યાદ રાખીએ

“Talent આપણને લોકો સુધી પહોંચાડશે, પરંતુ Consistency આપણને લોકોના દિલમાં અને ઇતિહાસમાં સ્થાન અપાવશે.”

આજે કોઈ મોટું કામ કરવાની જરૂર નથી. માત્ર એક નિર્ણય લઈએ —

“હું દરરોજ થોડું આગળ વધીશ, પણ ક્યારેય અટકીશ નહીં.”

કારણ કે…

Consistency હંમેશાં Talent ને હરાવે છે, જ્યારે Talent Consistency વિના રહી જાય છે.